## મહેસાણાની શ્રમ અદાલતના પ્રમુખ અધિકારી શ્રી એમ.એમ.અગ્રવાલ સમક્ષ.

**રીકવરી (સી–૧) અરજી નં. ૨૯/૨૦૨૫**

**આંક–૧૧**

અરજદાર – પરમાર હીતેશકુમાર કેશવલાલ,
ઉત્તર ગુજરાત કામદાર એસોસીએશન, મહેસાણા.

// વિરૂધ્ધ //

સામાવાળા – વી માર્ટ રીટેલ લી.,
ગાયત્રી મંદીર સામે, હાઈવે રોડ, મહેસાણા.

<u>પ્રતિનિધિત્વ</u> –

અરજદાર તરફે – વિ.પ્રતિનિધિશ્રી આર.કે.ચૌધરી.

સામાવાળા તરફે – વિ.વકીલશ્રી એસ.એસ.અગરકર

**બાબત – આઈ.ડી.એકટની કલમ–૩૩ (સી–૧) મુજબની વસુલાત અરજી.**

સદર કામે અરજદાર ધ્વારા આંક–૧૦ થી વિડ્રો પુરસીસ રજુ કરેલ છે જેમાં નીચે મુજબ હુકમ કરવામાં આવેલ છે.

**ઃ– હુ ક મ ઃ–**

અરજદાર તથા તેમના પ્રતિનિધિ હાજર છે. સામાવાળા તથા તેમના વકિલશ્રી હાજર છે. અરજદારે અરજીમાં જણાવ્યા મુજબ અરજદારને સામાવાળાએ સમાધાન મુજબના નાણાં અરજદારને ડી.ડી. થી ચુકવી આપેલ છે. તેથી હવે અરજદારને સામાવાળા સાથે કોઈ વિવાદ રહેતો ન હોઈ હાલનો કેસ પરત ખેંચવાની માંગે છે. ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ આવે છે.

**// આખરી હુકમ //**

(૧) આ કેસ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે અને સદરહુ કેસ વિડ્રોથી ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ તા.૧૪ માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ નેશનલ લોકઅદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મહેસાણા.
તા.૧૪/૦૩/૨૦૨૬

(મીમાંશા મહેશ અગરવાલ)
UIC: GJ 01382
પ્રમુખ અધિકારી
શ્રમ અદાલત, મહેસાણા.